# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૧૯/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## ચેમ્બર દ્વારા 'ઇન્સ્યુરન્સ એન્ડ લેબર લો' વિશે મહત્વનો વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સવારે ૧૧:૦૦ કલાકે 'ઇન્સ્યુરન્સ એન્ડ લેબર લો' વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે સુરતના આસિસ્ટન્ટ લેબર કમિશનર શ્રી એમ.એન. ગામેતી, ઇન્સ્યુરન્સ કન્સલ્ટન્ટ શ્રી સુરેશ દેસાઇ, લેબર લોઝ કન્સલ્ટન્ટ એડવોકેટ શ્રી સોહેલ સવાણી, સિનિયર એડવોકેટ શ્રી શ્રેયસ દેસાઇ અને જે. મહેતા એન્ડ કંપનીના શ્રી મલ્હાર મહેતાએ લોકડાઉન બાદ ઉદ્યોગો માટે ઉપસ્થિત થનારા લેબર અને ઇન્સ્યુરન્સના જટીલ પ્રશ્નોના નિરાકરણ માટે મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. પ્રવર્તમાન સંજોગોમાં કર્મચારી અને માલિક આ બંને પક્ષે સહાનુભૂતિ ખૂબ જ જરૂરી હોવાનું નિષ્ણાંતોએ જણાવ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, ચેમ્બરના વેબીનાર હવે ગ્લોબલ થઇ ગયા છે. વિશ્વના અન્ય દેશોમાંથી પણ લોકો હવે વેબીનારમાં જોડાઇ રહયાં છે. અત્યારે ઇન્ડસ્ટ્રી બંધ છે પણ લોકડાઉન બાદ જયારે ઇન્ડસ્ટ્રી ચાલુ થશે ત્યારે મુળ પ્રશ્નો લેબર અને ઇન્સ્યુરન્સના ઉભા થશે. ઇન્ડસ્ટ્રી આ પ્રશ્નોનો કઇ રીતે સામનો કરશે તેનું માર્ગદર્શન આજના વેબીનારમાં આપણને નિષ્ણાંતો દ્વારા મળશે.

શ્રી એમ.એન. ગામેતીએ જણાવ્યુ હતુ કે, પ્રવર્તમાન સમયમાં માઇગ્રન્ટ વર્કરોનો પ્રશ્ન જટીલ બની ગયો છે. સરકાર તરફથી બધાને જમવા માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. એનજીઓ ઘણા સપોર્ટ કરી રહયાં છે. ઉદ્યોગકારો પણ તેમના કર્મચારીઓની જવાબદારી સમજીને કામગીરી કરી રહયાં છે. સરકારની અત્યારની ગાઇડલાઇન મુજબ તા. ૨૦ એપ્રિલથી સોશિયલ ડિસ્ટન્સીંગના પાલન સાથે ઇન્ડસ્ટ્રી ચાલુ કરી શકાશે. બાર કલાકથી વધારે સમય માટે કર્મચારીઓને રોકી શકાય નહી તેમજ રૂપિયા ૮૦ની સામે રૂપિયા ૧૨૦નો પગાર આપવાનો રહેશે. મહિલા કર્મચારીઓને સવારે ૭થી સાંજે છ કલાક સુધી બોલાવી શકાશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ટેક્ષટાઇલ યુનિટોને હજી ચાલુ થતા ૨૫થી ૩૦ દિવસ સુધીનો સમય લાગશે. જયારે ડાયમંડ યુનિટો માટે પાંચથી છ મહિના લાગી જાય તેવુ તેમના તરફથી કહેવામાં આવી રહયું છે. માર્ચ સુધીનો પગાર બધાને મળી ગયો હોવાનું અમારા ધ્યાન પર આવ્યુ છે પરંતુ બાકી રહેલા કર્મચારીઓને પણ પગાર આપવા માટે તેમજ તેઓને જમવા અને રહેવાની વ્યવસ્થા કરવા માટે સરકાર દ્વારા જે તે ફેકટરીના માલિકોને અનુરોધ કરવામાં આવ્યો છે. માર્ચ મહિનાનો પગારનો આંકડો લેબર કમિશનર ઓફિસ સુધી પહોંચાડવા માટે તેમણે ઉદ્યોગકારોને અપીલ કરી હતી.

શ્રી સુરેશ દેસાઇએ ઇન્સ્યુરન્સ પ્રોડકટ એન્ડ લેબર લો વિશે જણાવ્યુ હતુ કે, રૂપિયા ૧૫ હજાર સુધીના પગારવાળા કર્મચારીઓ માટે ઇએસઆઇ ઉપલબ્ધ છે. પરંતુ નોન ઇએસઆઇ વર્કરો માટે પણ ઇન્સ્યુરન્સ અવેલેબલ છે. કર્મચારીઓને અકસ્માત થાય તો ફેટલ એકસીડેન્ટ એકટ, વર્કમેન કોમ્પેન્સેશન એકટ અને કોમન લો એકટ હેઠળમાં ઇન્સ્યુરન્સ કવર થાય છે. આથી ઉદ્યોગકારોએ તેમના કર્મચારીઓના ઇન્સ્યુરન્સ લેવાના થાય છે. કર્મચારીઓના વીમા બાબતે ઉદ્યોગકારોએ સાવચેતી રાખવાની હોય અને વીમો લેતી વખતે પૂરેપુરો સમય આપવાનો હોય છે. એના માટે એસ્ટાબ્લીશમેન્ટનું પરફેકટ લોકેશન, ઓકયુપેશન એકયુરેટલી, કર્મચારીઓનો સાચો આંકડો અને વર્ષ દરમિયાન કેટલા વેજીસ આપવામાં આવે છે તે બાબત યોગ્ય રીતે આપવાની હોય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, વેજીસની લિમિટ આઠ હજારથી વધારીને હવે રૂપિયા ૧૫ હજાર કરવામાં આવી છે. વર્કમેન કોમ્પેન્સેશન એકટ હેઠળ ફેટલ કેસમાં પહેલા રૂપિયા ૯ લાખની જોગવાઇ હતી જે હવે રૂપિયા ૧૭ લાખની થઇ ગઇ છે. ફેટલ એકસીડેન્ટના કિસ્સામાં ઉદ્યોગકારોની જવાબદારી ઘણી વધી જાય છે. આથી ઉદ્યોગકારોને અગાઉ લીધેલી પોલિસીમાં સુધારો કરવા તેમણે અનુરોધ કર્યો હતો. પોલિસી જયારે ચાલુ હોય ત્યારે પણ બાર મહિના દરમિયાન યોગ્ય લાગે ત્યારે કર્મચારીઓની સંખ્યામાં તેમજ વેજીસ અંગે સુધારો કરી શકાય છે. ટેરીફ હેઠળ સ્ટાન્ડર્ડ પોલિસીનો આગ્રહ રાખવો જોઇએ અને ડાયલુશનવાળી પોલિસીથી ચેતવુ જોઇએ. ઉદ્યોગકારો સમયસર કોમ્પેન્સેશન ભરી દેશે તો કોઇપણ પેનલ્ટીથી બચી શકાશે.

શ્રી સોહેલ સવાણીએ જણાવ્યુ હતુ કે, બધા કર્મચારીઓને સેલેરી આપવાનો અને કોઇને નોકરીમાંથી ટર્મીનેટ નહીં કરવાનો આદેશ થયો છે. મને લાગે છે કે માઇગ્રેશન વર્કરોને ધ્યાનમાં રાખીને આ આદેશ થયો છે. માર્ચ અને એપ્રિલ એમ બે મહિનાનો લોકડાઉન પિરિયડનો પગાર આપવાનો છે. પરંતુ કર્મચારીઓને બેઝીક સેલેરી આપવાની કે બધા એલાઉન્સની સાથે સેલેરી આપવાની છે તે અંગે મુંઝવણ છે. ડાયમંડ ઇન્ડસ્ટ્રીમાં કટીગના જોબ થાય છે એટલે તેઓને તે મુજબ સેલેરી આપવાની થાય છે. એટલે આ બધા પ્રશ્નો ઉભા થઇ રહયાં છે. આથી સરકારે સેલેરી અંગે ફરીથી વિચાર વિમર્શ કરીને ચોકકસ ડેફીનેશન સાથે આદેશ કરવો જોઇએ એવું મને લાગે છે. જેથી ઉદ્યોગકારો અને કર્મચારીઓ વચ્ચે મુંઝવણ ન રહે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, કુદરતી આપત્તિમાં ૫૦ કર્મચારીઓની અંદરવાળી કંપની લે ઓફ કરી શકે છે. એના માટે એને ૨૪૦ દિવસ સુધી કામ કરનાર કર્મચારીઓને ૪૫ દિવસની સેલેરી આપવાની રહે છે. ૧૦૦ કર્મચારીઓ ધરાવતી કંપનીને સરકાર પાસેથી મંજૂરી લઇને લે ઓફ ડિકલેર કરવાનુ હોય છે. પરંતુ પ્રવર્તમાન પરિસ્થિતિમાં સરકાર કોઇને પણ આવી મંજૂરી નહીં આપશે તેવું મને લાગી રહયું છે. જો કે અત્યારનો સમય સહાનુભૂતિ બતાવવાનો છે અને ઉદ્યોગકારોએ કર્મચારીઓનું ધ્યાન રાખવાનો સમય છે.

શ્રી શ્રેયસ દેસાઇએ જણાવ્યુ હતુ કે, અત્યારના સમયમાં મેડીકલ ટ્રિટમેન્ટ ખૂબ જ મોંઘી બની ગઇ છે. આથી મેડીકલ હેલ્થ વીમો આપણને મદદરૂપ થઇ શકે છે. મેડીકલ હેલ્થ વીમો દેશની દરેક વ્યકિત સુધી પહોંચવો જોઇએ. કેટલીક ખાનગી વીમા કંપનીમાં તેના થર્ડ પાર્ટી એડમિનીસ્ટ્રેશનને કારણે કલેઇમ રિજેકશનનો રેશિયો વધી જાય છે. આથી વીમેદાર ડિમોરલાઇઝ્ડ થઇ જાય છે. પરંતુ દરેકે મેડીકલેમ લેવો જરૂરી છે. ઇન્ડસ્ટ્રીયલ અને કોમર્શિયલ કંપનીના માલિકો કર્મચારીઓ માટે મેડીકલ હેલ્થ ઇન્સ્યુરન્સ અને ગૃપ હેલ્થ ઇન્સ્યુરન્સ લઇ શકે છે. એના માટે તેઓને પ્રિમિયમ પણ ઓછું આવે છે.

કર્મચારીઓ મેડીકલ હેલ્થ ઇન્સ્યુરન્સની પ્રિમિયમની ટકાવારીની રકમ ઉદ્યોગકારો સાથે શેર કરી શકે છે. અમેરિકામાં ઉદ્યોગકારો અને કંપનીના માલિકો ૮૦ ટકા અને કર્મચારીઓ ર૦ ટકા એમ પ્રિમિયમ શેર કરે છે. કર્મચારી સારી ટ્રિટમેન્ટ મેળવી શકે છે અને તંદુરસ્ત રહેશે તો સારી રીતે કામ કરશે. અમેરિકામાં શ્રી ઓબામાએ એફોર્ડેબલ કેર નામનો એકટ બનાવી હેલ્થ ઇન્સ્યુરન્સ ફરજિયાત બનાવ્યો હતો. જો કોઇ હેલ્થ ઇન્સ્યુરન્સ નહીં લે તો તેને વધારે ટેક્ષ ભરવો પડતો હતો. આવી રીતે હેલ્થ ઇન્સ્યુરન્સનો વ્યાપ તેમણે વધાર્યો હતો. અમેરિકાના કેલિફોર્નિયા સહિતના ચાર રાજયોમાં આ અમલ હજી ચાલુ છે.

હોમ અફેર્સ મિનિસ્ટરની ગાઇડલાઇનમાં મેડીકલ હેલ્થ ઇન્સ્યુરન્સ માટેની જોગવાઇ કરવામાં આવી છે. કર્મચારીઓ માટે હેલ્થ ઇન્સ્યુરન્સ ફરજિયાત કરવામાં આવ્યુ છે. હજી મોડાલિટી જાહેર કરવામાં આવી નથી પણ ટૂંક સમયમાં તે જાહેર થશે. અત્યારે આપણને ચિંતન કરવાનો મોકો મળ્યો છે. માત્ર કોરોના જ નહીં પણ સામાન્ય સંજોગોમાં પણ મેડીકલ હેલ્થ ઇન્સ્યુરન્સને લોકપ્રિય બનાવી દેશવાસીઓ સુધી પહોંચાડવો જોઇએ. બધા જ લોકોને હેલ્થ ઇન્સ્યુરન્સમાં કવર કરવા જોઇએ. જે પ્રકારનો વીમો લો ત્યારે પોલિસીના નિયમો બરાબર સમજો અને પછી પ્રપોઝલ પર સહી કરો તેવી સલાહ તેમણે આપી હતી. આવુ કરશો તો બાદમાં તમને કોર્ટમાં જવાનો વારો આવશે નહીં.

શ્રી મલ્હાર મહેતાએ ઇપીએફ અંગે સમજણ આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, ઇપીએફમાં માલિક અને કામદાર બે જણાં ઇન્વોલ્વ હોય છે. જે કંપનીમાં ૧૦૦થી ઓછા માણસો કામ કરતા હોય અને ૯૦ ટકા કર્મચારીઓનો પગાર રૂપિયા ૧પ હજારથી ઓછા હોય તો એવા કર્મચારીઓને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ ત્રણ મહિના માટે સરકાર દ્વારા આર્થિક સહાય આપવામાં આવશે. તેમણે કહયુ કે, હાલ ઇએસઆઇ માટે ફેબ્રુઆરી અને માર્ચની ડયુ ડેટ ૧પમી એપ્રિલ સુધી લંબાવી દીધી છે અને કોવિડની સારવાર પણ ઇએસઆઇમાં કવર કરવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, શહેરની પ્રિમાઇસિસની બહારની ફેકટરીઓને અત્યારે ર૦ એપ્રિલથી કામ શરૂ કરવાની મંજૂરી મળી છે પણ એમાં મેડીકલ પાર્ટ ફરજિયાત છે. કર્મચારીઓ માટે હેન્ડ સેનીટાઇઝર્સ, લંચ માટે સ્પેસ, ટોળું નહીં થાય તેનું ઘ્યાન રાખવું, દસથી વધારે માણસો કલસ્ટર્સમાં નહીં રોકાય,લીફટમાં પણ બેથી ત્રણ માણસો જ જઇ શકે તેમજ ગુટખા, તમ્બાકુ અને ધુમ્રપાનનું સેવન નિષેધ વિગેરે બાબતોનું પૂરતુ ઘ્યાન રાખવું પડશે. જો કે, ફેકટરીઓ હોટસ્પોટ એરીયામાં અથવા તો તેના ત્રણ કિલોમીટરના એરીયામાં હશે તો કામ ચાલુ કરવા માટે પરમીશન નહીં મળશે. ભલે એ એસેન્શીયલ પ્રોડકટના પ્રોડકશનમાં આવતી હોય તો પણ મંજૂરી નહીં મળી શકે.

કેટલીક ઇન્સ્યુરન્સ પોલિસીમાં કુદરતી આપત્તિમાં કે આગ લાગે ત્યારે લોસ ઓફ પ્રોફીટ કલેઇમ માટે કવર કરેલું હોય તો એટલા સમયનું લોસ ઓફ પ્રોફીટ મળવાની શકયતા હોય છે. પણ અલગ – અલગ પોલિસીમાં જુદી–જુદી રીતે રીતે નિયમોને ડ્રાફટ કરેલા હોય છે. કોરોના અને લોકડાઉનને કારણે ઉદ્યોગકારોને લોસ ઓફ પ્રોફીટ મળશે કે કેમ? તે હાલ કહી શકાય નહીં એવા ઇન્સ્યુરન્સને લગતા વિવિધ મહત્વના પ્રશ્નોની પણ ચર્ચા કરવામાં આવી હતી.

વેબીનારમાં ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.